ક્રમાંક:રાપબો/CCC/૨૦૨૧/૨૫૮૨-૨૬૨૮

રાજ્ય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલયની સામે
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૧૮/૦૩/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાસનાધિકારીશ્રી, (તમામ)

વિષય: CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા શિક્ષકોની પરીક્ષાનું આયોજન બાબત.

સંદર્ભ: અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:રાપબો/CCC/૨૦૨૧/૨૪૪૪-૨૪૮૧, તા:૧૦/૦૩/૨૦૨૧

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકોની પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે. સદર પરીક્ષા સંદર્ભની માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબની રહેશે.

1. CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા શિક્ષકોની પરીક્ષાનું આયોજન તા:૨૭/૦૩/૨૦૨૧ નાં રોજ કરવામાં આવનાર છે.
2. પરીક્ષાનો સમય બપોરના ૧૨.૦૦ થી ૧.૩૦ સુધીનો રહેશે.
3. પરીક્ષાની હોલ ટિકિટ તા:૨૨/૦૩/૨૦૨૧ નાં રોજ સાંજે ૬:૦૦ વાગ્યે થી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે.
4. રાજ્ય પરીક્ષા બોર્ડનાં તા:૧૦/૦૩/૨૦૨૧ નાં પરિપત્ર મુજબની લાયકાત ધરાવો છો તે શરતે હોલ ટિકિટ ઈશ્યુ કરવામાં આવશે. જે શિક્ષકો પરિપત્ર મુજબની લાયકાત ધરાવતા હશે નહિ તેઓની પાત્રતા રદ્દ કરવામાં આવશે.
5. પરીક્ષાની ઓનલાઈન દરખાસ્ત કરવાની નિયત તારીખ સુધીમાં જે શિક્ષકોની દરખાસ્ત કન્ફર્મ થયેલ હશે અને ફી ભરેલી હશે તે શિક્ષકો જ પરીક્ષા આપી શકશે.
6. પરીક્ષા સંબધી માહિતી જાણવામાં માટે રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org જોતા રહેવા વિનંતિ.

આ અંગેની જાણ તાબા હેઠળ આવતી પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે. જે આપશ્રીને વિદિત થાય છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ નકલ સવિનય રવાના જાણ સારું,
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

❖ નકલ સાદર રવાના જાણ સારું,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
- કન્વીનરશ્રી, સી.સી.સી., ગાધીનગર
- શ્રી આસિફ સાવત, સી.સી.સી., ગાંધીનગર (CCC ખાતે હાલ ફરજ બજાવતા શિક્ષકોને જાણ કરવા સારૂ)

Scanned with CamScanner